**<u>અરવલ્લી જિલ્લાની મોડાસા ખાતેની સીટીંગ મજુર અદાલતના પ્રમુખ અધિકારી</u>**
**<u>શ્રી એસ.યુ.બાબર સમક્ષ, મુ.મોડાસા</u>**

**<u>રેફરન્સ(એલ.સી.એચ.)નં.૨૭/૨૦૧૭</u>**
**આંક–૨૭**

**પ્રથમ પક્ષકાર** :– **નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
મેશ્વો જલાગાર યોજના સિંચાઈ પેટા વિભાગ, બસસ્ટેન્ડ પાછળ, મોડાસા, જી.અરવલ્લી.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર** :– **ચૌહાણ કનુજી નાથાજી,**
મુ.રસુલપુર, પો.ભવાનપુર,
તા.મોડાસા, જી.અરવલ્લી.
C/O.લાલ વાવટા જનરલ વર્કસ યુનીયન,
માર્કેટ યાર્ડ, મોડાસા, જી.અરવલ્લી.

**હાજર રહયા** :– **પ્રથમ પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી ડી.ડી.પટેલ
**બીજા પક્ષકાર તરફે** : વિ.પ્રતિ.શ્રી ડી.આર.જાદવ

**<u>– : : એવોર્ડ : : –</u>**

(૧) સદર રેફરન્સ મદદનીશ શ્રમઆયુકતની કચેરી હિંમતનગરના હુકમ ક્રમાંક નં. મશ્રઆ/ હિંમત/ આઈડીઆર/૧૩–૧૭/ ૨૬૧૬/૨૦૧૭, તા.૧૮/૦૮/૨૦૧૭ થી આ કામના બીજા પક્ષકારને છુટા કર્યા તારીખથી તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

(૨) રેફરન્સ કોર્ટ માં આવ્યા બાદ આ કામમાં આંક–૫ થી બીજા પક્ષકાર કામદાર તરફે માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ પ્રથમ

પક્ષકાર સંસ્થામાં મજુર તરીકે તા.૦૧/૦૧/૨૦૦૩ ના રોજથી ખંત, ઈમાનદારી, નિષ્ઠા અને પ્રમાણિકતાપુર્વક પોતાની ફરજ નિયમીત રીતે બજાવતા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને માસીક રૂા.૪,૫૦૦/- પગાર આપતી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટની જોગવાઈઓ લાગુ પડતી હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તેનું પાલન કરતા ન હતા અને મજુર કાયદાનો ભંગ કરીને બીજા પક્ષકાર કામદારનું અસહય શોષણ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારને હાજરીકાર્ડ, ઓળખપત્ર, પગાર સ્લીપ કે તહેવારની રજા, માંદગીની રજા કે ઓવર ટાઈમ ચુકવતા ન હતા. બીજા પક્ષકાર કામદારે દરેક વર્ષે ૨૪૦ દિવસ કરતાં વધારે દિવસો કામ કરેલ છે. બીજા પક્ષકાર કામદારનો નોકરીનો રેકર્ડ સ્વચ્છ અને ડાઘરહિત હતો અને તેઓની નોકરીના સમય દરમીયાન તેમના કામ બાબતે કોઈ ઠપકો કે નોટીસ કે મેમો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને કોઈપણ કારણ સિવાય મૌખિક હુકમથી તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. છુટા કરતી વખતે બીજા પક્ષકાર કામદારને કોઈ નોટીસ કે મેમો આપેલ નથી કે કોઈ પણ હકક હિસ્સા ચુકવેલ નથી કે કોઈ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કરીને નોકરીમાંથી છુટા કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી નોકરીમાં થી છુટા કરતા બીજા પક્ષકાર કામદારે હિંમતનગર ખાતે મદદનીશ શ્રમ આયુકતની સમક્ષ ફરીયાદ દાખલ કરેલ. જેમાં સમાધાન શકય ન બનતાં બીજા પક્ષકાર કામદારનો આ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટને સુપ્રત કરેલ છે. બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા બાદ બીજા પક્ષકાર કામદારે નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલ હોવા છતાં બીજા પક્ષકાર કામદારને નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારને નોકરીમાં રાખે તો તેઓ જવા તૈયાર છે. બીજા પક્ષકાર કામદાર જે કામગીરી કરતા હતા તે કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાલમાં ચાલુ છે જે નવા માણસો ધ્વારા કરાવવામાં આવે છે એમ જણાવી પ્રથમ પક્ષકાર સંસ્થાનું બીજા પક્ષકાર કામદારને તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજથી નોકરીમાં થી છુટા કરવાનું પગલુ ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને મનસ્વી ઠરાવી પ્રથમ પક્ષકાર સંસ્થાનું સદર પગલુ રદ કરીને પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારને તેમની

મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવાની દાદની માંગણી કરેલ છે.

(૩) આ કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૭ થી લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે બીજા પક્ષકાર કામદારે માંગણાનાં નિવેદનમાં જણાવેલ હકિકતો ખરી ન હોય કબુલ મંજુર રાખેલ નહી અને બીજા પક્ષકારના માંગણાનાં નિવેદનનો ઈન્કાર કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તેમના જવાબમાં વધુમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદારે તેઓ તા.૦૧/૦૧/૨૦૦૩ થી માસીક રૂા.૪,૫૦૦/– ના પગારથી ફરજ બજાવતા હતા તે અંગેના દસ્તાવજેની પુરાવા રજુ કરવા જોઈએ તેમજ ૨૪૦ દિવસ કામ કર્યાનું પણ પુરાવા સાથે પુરવાર કરવુ જોઈએ તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ ના સમયમાં કોઈ કામદાર રાખવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકાર કામદારે તે પુરાવા આપી પુરવાર કરવુ જોઈએ. તેઓ વધુમાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા એક સરકારી કચેરી છે કોઈ ઉદ્યોગ કે મીલ નથી અને સદરહુ સમયગાળા દરમીયાન કોઈ કામદાર રાખવામાં જ આવેલ નથી ત્યારે મેમા, ઠપકાના પ્રશ્નો ઉપસિથત થતા નથી. જેથી બીજા પક્ષકર કામદાર કોઈ હકક હિસ્સા મેળવવા માટે હકકદાર થતા નથી. જેથી બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જે દાદ માંગેલ છે તેવી કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર ન હોઈ બીજા પક્ષકાર કામદારનો આ રેફરન્સ ખર્ચ સહિત રદ કરવાની દાદની માંગણી કરેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર કામદાર તરફે આંક–૮થી દસ્તાવેજો રજુ કરવા સબંધે અરજી આપેલ છે અને પ્રથમ પક્ષકાર સંસ્થા તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ સુધીના સંસ્થાના બીજા પક્ષકાર કામદારની હાજરીની વિગતો દર્શાવતા પ્રથમ પક્ષકાર સંસ્થાના મસ્ટર રોલ (અસલ) તથા સદર સમયગાળાના બીજા પક્ષકારની સાથેના કામ કરતા કામદારોના હાજરી પત્રકો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં હોઈ અને આ દસ્તાવેજો આ કામે અગત્યના અને કેસને લગતા જરૂરી પુરાવાઓ હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થા આ દસ્તાવેજો આ કામે રજુ કરે તેવો હુકમ કરવા દાદની માંગણી કરેલ છે.

(૫) બીજા પક્ષકારની આંક–૮ની અરજી અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૯ થી સોગંદનામું રજુ કરેલ છે અને જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થા સામે તેઓને નોકરીમાં પુન:સ્થાપીત થવા માટે હાલનો કેસ કરેલ છે અને બીજા પક્ષકાર કામદારે તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૩ સુધીના અસલ મસ્ટર દસ્તાવેજ રજુ કરવા અરજી કરેલ છે પરંતુ તેઓની કચેરીમાં સદરહુ સમયગાળા દરમીયાન કોઈ મસ્ટર ચલાવેલ નથી તથા કચેરી પાસેના ઉપલબ્ધ કોરા મસ્ટર તેઓની કચેરીએ વડી કચેરીને જમા કરાવેલ છે. જેથી બીજા પક્ષકારે માગ્યા મુજબના દસ્તાવેજ તેઓના રેકર્ડે નથી અને સદર કામદારને તેઓએ કામે રાખેલ નથી તેવી હકિકત સોગંદ ઉપર જાહેર કરેલ છે.

(૬) બીજા પક્ષકારની આંક–૮ ની અરજીની તથા પ્રથમ પક્ષકારની આંક–૯ ના સોગંદનામાં ની રજુઆતોને ધ્યાને લઈને અગાઉના ન્યાયાધીશશ્રીએ પ્રથમ પક્ષકાર સંસ્થાને તા.૦૧ /૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ ના સમયગાળા ના એન.એમ.આર.ની ખરી નકલ ૩૦ દિવસમાં રજુ કરવાનો અને જો પ્રથમ પક્ષકાર સંસ્થા સદર દસ્તાવેજો રજુ કરી શકે એમ ન હોય તો તેના કારણો દર્શાવતુ સંસ્થાના સક્ષમ અધિકારીનું વિગતવાર સોગંદનામું હુકમની જાણ થયા તારીખથી ૩૦ દિવસમાં રજુ કરવાનો હુકમ કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૦ ના લીસ્ટ થી તેઓએ એન.એમ.આર. મસ્ટર વિભાગીય કચેરીમાં જમા કર્યાનું કચેરી રેકર્ડ રજીસ્ટરની નકલ રજુ કરેલ છે.

(૭) પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૨ થી સોગંદનામું રજુ રાખેલ છે અને તેમાં જણાવેલ છે કે, નામ.કોર્ટે તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ના સમયગાળાના એન.એમ.આર.રજુ કરવા માટે પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરેલો પરંતુ સદર કેસના સંજોગો જોતા બીજા પક્ષકાર કામદારે છુટા કર્યા તા.૩૦/૧૨/૨૦૧૬ ના અગાઉના વર્ષોમાં નોકરી કરેલ હોય તો તેઓને ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૨/૦૫/૨૦૦૨ના ઠરાવ મુજબ તેમના બેન્ક એકાઉન્ટમાં પગાર થયેલ હોત અને મેળવી શેકલ હોત. તેમજ નામ.કોર્ટે હુકમ કર્યો તે સમયના એન.એમ.આર.રાખવામાં આવેલ ન હોય જેથી રજુ કરી શકે તેમ નથી તેવુ સોગંદ ઉપર જાહેર કરેલ છે.

(૮) બીજા પક્ષકાર કામદાર તરફે આંક–૧૩ થી જુબાનીનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ માંગણાના નિવેદન મુજબની રજુઆતો કરીને જણાવેલ છે કે, તેઓ કાયદાના અભણ, અજ્ઞાન હોય તેમજ તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખીક હૈયા ધારણા આપેલ હતી કે તેમને નોકરીમાં રાખી લેવામાં આશે અને નોકરીમાંથી છુટા કર્યા પછી જયારે જરૂર જણાય ત્યારે કામ ઉપર અવારનવાર બોલાવતા હતાં. જેથી બીજા પક્ષકાર કામદાર તેમના ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી નોકરીમાં લઈ લેશે તેવી આશાથી સદર ફરીયાદ કરવામાં મોડા પડેલ છે. જેથી વિલંબ માફ કરી આ કામમાં માંગેલ દાદ મંજુર કરવા તેમજ જુબાનીમાં માં ગેલ દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે. બીજા પક્ષકાર કામદાર તરફે રજુ કરેલ સોગંદ ઉપરની જુબાનીની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના વિ.વ.શ્રી ડી.ડી.પટેલ ધ્વારા કરવામાં આવેલ છે.

(૯) પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૪ થી બીજા પક્ષકાર કામદાર ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય તેમની આંક–૧૩ની સોગંદ ઉપરની જુબાની ડી.એકઝીબીટ કરવા માટે અરજી આપેલી. જે અરજી નામ.કોર્ટે મંજુર કરીને બીજા પક્ષકાર કામદારની સોગંદ ઉપરની જુબાની ડી.એકઝીબીટ કરવામાં આવેલી.

(૧૦)ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૫ થી તેઓ બીજો કોઈ પુરાવો રજુ કરવા માગતા ના હોય પુરાવો બંધ થયેલ હોવાનું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૧૧)ત્યારબાદ બીજા પક્ષકાર કામદાર તરફે આંક–૧૬ થી તેઓની જુબાની એકપાન્ટ કરેલ હોય આજ રોજ તેઓ સદર કામે હાજર હોય અને કોરોના મસયે તેઓ આવી શકયા ના હોય સદર કામે તેમની જુબાનીનું એકસપાન્ટ રદ કરી સદર જુબાની રેકર્ડ ઉપર લેવા માટે અરજ કરેલ છે. જે અરજી હેઠળ બન્ને પક્ષકારોના વકિલશ્રી અને પ્રતિનીધીશ્રીની રજુઆતો ધ્યાને લઈને બીજા પક્ષકાર કામદાર તરફે રજુ થયેલ જુબાની રેકર્ડ ઉપર લેવાનો હુકમ કરવામાં આવેલ.

(૧૨)બીજા પક્ષકાર કામદાર તરફે આંક–૧૭ થી તેમનો મૌખીક પુરાવો પુરો થયેલ હોવાનું કલોઝીંગ પુરસીસ આપીને જાહેર કરેલ છે.

(૧૩)પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૨૧ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ રાખેલ છે. જેની ઉલટ તપાસ બીજા પક્ષકાર કામદારના વિ.પ્રતિ.શ્રી ધ્વારા લેવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૨૫ થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માગતા ન હોય તેમનો પુરાવો બંધ થયેલ હોવાનું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૧૪)બીજા પક્ષકાર કામદાર તરફે તેમના વિ.પ્રતિ.શ્રી ધ્વારા આંક–૨૬ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે બીજા પક્ષકાર કામદારે માંગણા ના નિવેદનમાં જણાવેલ હકીકતો પર બીજા પક્ષકાર કામદાર તરફે રજુ કરવામાં આવેલ લેખીત દસ્તાવેજી પુરાવા પર તેમજ બીજા પક્ષકારના જુબાનીનાં સોગંદનામામાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે. તેમની દલીલોનો ટુંકમાં સાર એવો છે કે, બીજા પક્ષકાર કામદાર તા.૦૧/૦૧/૨૦૦૩ના રોજથી મજુરના હોદ્દાથી ખંત, ઈમાનદારી, નિષ્ઠા અને પ્રમાણીકતાપુર્વક તેઓની ફરજ નિયમીત અને કાયમી ધોરણે બજાવતા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તેઓને માસીક રૂા.૪,૫૦૦/– પગાર આપવામાં આવતો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર કામદારને હાજરીકાર્ડ, પગાર સ્લીપ કે ઓળખપ આપવામાં આવતા ન હતા કે કાયદેસરનો પગાર ચુકવવામાં આવતો ન હતો અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પણ કારણ જણાવ્યા સીવાય તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજથી બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કરતી વખતે કોઈ નોટીસ, નોટીસ પગાર કે નોકરી સમય દરમીયાનના હકક હિસ્સા ચુકવેલ નથી. જેથી બીજા પક્ષકાર કામદારે મદદનીશ શ્રમ આયુકતશ્રી હિંમતનગર સમક્ષ ફરીયાદ કરેલી અને તેમાં સમાધાન શકય નહિ બનતા સદર રેફરન્સ થયેલ છે. બીજા પક્ષકાર કામદારે દરવર્ષે ૨૪૦ દિવસથી વધારે દિવસ કામ કરેલ છે અને તેઓને કામના દિવસોમાં કોઈ પણ પ્રકારની રજા આપવામાં આવતી ન હતી કે કાયદેસરના કોઈ લાભો પણ આપવામાં આવતા ન હતાં. તેઓ વધુમાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસથાને આઈ.ડી.એકટ અને મજુર કાયદાઓની તમામ જોગવાઈઓ લાગુ પડતી હોવાછતા તેનો ભંગ કરીને બીજા

પક્ષકાર કામદારનું શોષણ કરવામાં આવતુ હતું. બીજા પક્ષકાર કામદાર મેશ્વો જલાગાર કેનાલ ખાતે રસુલપુરથી શામળાજી કેનાલ ઉપર જે જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થા મોકલે તે જગ્યાએ કામ ઉપર જતા હતા અને તે રીતે બીજા પક્ષકાર કામદારે સળંગ નોકરી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને બીજા પક્ષકાર કામદારના કામથી સંપૂર્ણ સંતોષ હતો તેમજ તેઓના કામ બાબતે કોઈ ઠપકો, મેમો કે નોટીસ મળેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર કામદારે તેમનું માંગણા નિવેદન રજુ કરેલ અને તેના જવાબના પેરા–૨માં પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટા કર્યા અંગેનું નિવેદન ખોટેખોટુ જણાવેલ છે અને કોઈ પુરાવો રજુ કરેલ ના હોય બીજા પક્ષકાર કામદારે દસ્તાવેજ માંગતી અરજી રજુ કરેલ છે. જેના જવાબમાં તે વખતના સંસ્થાના અધિકારીએ દસ્તાવેજો નાશ પામેલ હોય હાલમાં રજુ થઈ શકે તેમ નથી તેવો જવાબ આપેલો અને ત્યારબાદ બીજા અધિકારીએ જુદો જવાબ આપેલો. આમ, ભળતા જવાબો આપી જુદી–જુદી વિગતો રજુ કરી નામ.કોર્ટને ખોટી માહિતી આપેલ છે. જો પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર કામદારની નોકરી પુરવાર થઈ શકે તેમ હોલ ભળતા જવાબ આપેલ છે અને પુરા દસ્તાવેજો રજુ કર્યા નથી. તેઓ વધુમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદાર હાલમાં બેકાર છે અને તેઓને બીજી જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કર્યા પણ નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારને નોકરીમાં રાખે તો તેઓ જવા તૈયાર છે અને બીજા પક્ષકાર કામદાર જે કામગીરી કરતા હતા તે કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાલમાં ચાલુ છે જે નવા માણસો ધ્વારા કરાવવામાં આવે છે. આ તમામ બાબતોને ધ્યાને લઈને બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરવ્યાજબી અને ગેર કાયદેસર રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તેમજ આઈ.ડી.એકટની જોગવાઈઓનો ભંગ કરીને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને છુટા કરેલ હોય બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીમાંથી પડેલ દિવસોનાં પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપીત કરવાનો હુકમ કરવાની માંગણી કરેલ છે.

**(૧૫)** આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિ.વ.શ્રી ધ્વારા મૌખીક દલીલો કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ લેખીત દસ્તાવેજી પુરાવા પર તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાના જુબાનીના સોગંદનામામાં જણાવેલ હકીકતો પર અને બીજા

પક્ષકાર કામદારે ઉલટ તપાસમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો પર ભાર મુકેલ છે. તેમની દલીલોનો ટુકમાં સાર એવો છે કે, બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ ના સમયમાં કોઈ ફરજ બજાવેલ નથી કે કોઈ પગાર પણ મેળવેલ નથી. આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ ઈન્ટરવ્યુ લઈ, એપોઈમેન્ટ લેટર આપેલો હોય તેવુ બનેલ નથી. જેથી બીજા પક્ષકાર  અને પ્રથમ પક્ષકાર વચ્ચે માલીક નોકરના સબંધો ઉપસ્થિત થયેલ નથી. બીજા પક્ષકાર કામદારે તેમના માંગણા નિવેદનમાં તેમજ સરતપાસમાં તા.૩૦/૧૨/૨૦૧૬થી છુટા કરેલાનું ખોટુ જણાવેલછે તેમજ તેમના માંગણા નિવેદનમાં જણાવેલ કોઈ હકિકત પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામે રાખેલ હોય તેવો કોઈ પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, કોરા મસ્ટરો તેમની કચેરી દ્વારા વડી કચેરીએ જમા કરાવેલછે. જેથી આ કામે બીજા પક્ષકારે સંસ્થામાં કોઈ જ ફરજ બજાવેલ ના હોય તેમજ બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જે દાદ માંગેલ છે તેવી કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર ન હોઈ બીજા પક્ષકાર કામદારનો આ રેફરન્સ ખર્ચ સહિત રદ કરવાની રજુઆત કરેલ છે.

(૧૬) બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. બીજા પક્ષકાર કામદાર તરફે રજુ થયેલ માંગણા નિવેદન, લેખીત દસ્તાવેજો તથા જુબાનીનું સોગંદનામું વંચાણે લીધું. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજુ થયેલ લેખિત જવાબ, દસ્તાવેજો તથા જુબાનીના સોગંદનામાં વંચાણે લીધા. આ કામે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા::–</u>**

(૧) શું બીજા પક્ષકાર કામદારને  પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજ મૌખીક હુકમથી ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તથા આઈ.ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થાય છે કે કેમ ?

(૨) શું બીજા પક્ષકાર કામદાર તેમની નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે કે કેમ?

(૩) શું હુકમ ?

(૧૭) ઉપરોકત મુદાઓનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) **નકારમાં**

(૨) **નકારમાં**

(૩) **આખરી હુકમ મુજબ**

(૧૮) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) કેસની હકિકત ધ્યાને લેતા બીજા પક્ષકાર કામદાર તરફે એવી રજુઆત છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મજુર તરીકે તા.૦૧/૦૧/૨૦૦૩ ના રોજથી ખંત, ઈમાનદારી, નિષ્ઠા અને પ્રમાણિકતાપુર્વક પોતાની ફરજ નિયમીત રીતે બજાવતા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને માસીક રૂા.૪,૫૦૦/- પગાર આપતી હતી.પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટની જોગવાઈઓ લાગુ પડતી હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તેનું પાલન કરતા ન હતા અને મજુર કાયદાનો ભંગ કરીને બીજા પક્ષકાર કામદારનું અસહય શોષણ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારને હાજરીકાર્ડ, ઓળખપત્ર, પગાર સ્લીપ કે તહેવારની રજા, માંદગીની રજા કે ઓવર ટાઈમ ચુકવતા ન હતા. બીજા પક્ષકાર કામદારે દરેક વર્ષે ૨૪૦ દિવસ કરતાં વધારે દિવસો કામ કરેલ છે. બીજા પક્ષકાર કામદારનો નોકરીનો રેકર્ડ સ્વચ્છ અને ડાઘરહિત હતો અને તેઓની નોકરીના સમય દરમીયાન તેમના કામ બાબતે કોઈ ઠપકો કે નોટીસ કે મેમો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને કોઈપણ કારણ સિવાય મૌખિક હુકમથી તા.૩૦/૧૨/૨૦૧૬ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. છુટા કરતી વખતે બીજા પક્ષકાર કામદારને કોઈ નોટીસ કે મેમો આપેલ નથી કે કોઈ પણ હકક હિસ્સા ચુકવેલ નથી કે કોઈ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કરીને નોકરીમાંથી છુટા કરેલ નથી.

જયારે કે પ્રથમ પક્ષકાર ની એવી રજુઆત છે કે બીજા પક્ષકાર કામદારે તેઓ તા.૦૧/૦૧/૨૦૦૩ થી માસીક રૂા.૪,૫૦૦/– ના પગારથી ફરજ બજાવતા હતા તે અં ગેના દસ્તાવજેની પુરાવા રજુ કરવા જોઈએ તેમજ ૨૪૦ દિવસ કામ કર્યાનું પણ પુરાવા સાથે પુરવાર કરવુ જોઈએ તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૧/૦૧/૨૦૦૩ થી તા.૩૦/૧૨/૨૦૧૬ ના સમયમાં કોઈ કામદાર રાખવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકાર કામદારે તે પુરાવા આપી પુરવાર કરવુ જોઈએ. તેઓ વધુમાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા એક સરકારી કચેરી છે કોઈ ઉધોગ કે મીલ નથી અને સદરહુ સમયગાળા દરમીયાન કોઈ કામદાર રાખવામાં જ આવેલ નથી ત્યારે મેમા, ઠપકાના પ્રશ્નો ઉપસિથત થતા નથી. જેથી બીજા પક્ષકર કામદાર કોઈ હકક હિસ્સા મેળવવા માટે હકકદાર થતા નથી.

(બી) કેસની હકિકત તથા પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા બીજા પક્ષકારને તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલ છે કે કેમ? તે વિગતને ધ્યાને લેવી જરૂરી બને છે. હાલના કેસમાં બીજા પક્ષકારે જે વિગત માંગણાના નિવેદનમાં જણાવેલ છે તે તમામ વિગત પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકાર કામદારની બને છે. હાલના કેસમાં કામદારે તેમનો કેસ પુરવાર કરવા માટે મૌખીક પુરાવા સીવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. બીજા પક્ષકાર જયાંસુધી કોઈ સચોટ અને વિશ્વાસનીય પુરાવો રજુ ન કરે ત્યાંસુધી બીજા પક્ષકારના કથનોને માની શકાય નહિ. બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૧/૨૦૦૩ થી માસીક રૂા.૪,૫૦૦/–ના પગારથી નોકરી કરતા હોવાનું પુરવાર કરવા માટે કામદારે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો બાબતે વધુ કોઈ પુરાવો બીજા પક્ષકારે આપેલો નથી. જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૩૦/૧૨/૨૦૧૬ સુધી કામગીરી કરેલ હોય તેવુ આ કામે પુરવાર થતુ નથી. છેલ્લે કઈ જગ્યાએ કેટલા વેતનથી કામગીરી કરેલ છે તેની સ્પષ્ટ વિગત પણ બીજા પક્ષકારે રજુ કરેલ નથી. બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં જે હકિકતો જણાવેલ છે તેના સમર્થનમાં

જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે પરંતુ બીજા પક્ષકારે સોગંદનામામાં જણાવેલ હકિકતના સમર્થનમાં કોઈ લેખીત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને હાજરીકાર્ડ, પગારસ્લીપ કે ઓળખકાર્ડ આપેલ નથી તે બતાવવા બીજા પક્ષકાર કામદારે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. બીજા પક્ષકાર કામદારે ૨૪૦ દિવસ કરતા વધારે કામગીરી કરેલ હોય તેવુ બતાવવા માટે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખીક હુકમથી તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે તેવુ બીજા પક્ષકારે જણાવેલ છે પરંતુ બીજા પક્ષકાર કામદારને કોણે છુટા કરેલ છે અને બીજા પક્ષકાર કામદારે કયા વિભાગમાં કામ કરી પગાર મેળવેલ છે તેની કોઈ વિગત બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં જણાવેલ નથી કે તે બાબતના કોઈ દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ નથી. જેથી પણ કહી શકાય કે બીજા પક્ષકાર કામદારને મૌખીક હુકમથી છુટા કરેલાનું કામદાર પુરવાર કરી શકેલ નથી. બીજા પક્ષકાર કામદારે છુટા કર્યા પછી પ્રથમ પક્ષકાર સંસ્થાએ નવા માણસોને કામે રાખેલ છે તે હકિકત પુરવાર કરવા માટે પણ બીજા પક્ષકાર કામદાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.

સદર કામે બીજા પક્ષકાર કામદારે આંક−૮ ની અરજી રજુ કરી તા.૦૧/૦૧/૨૦03 થી તા.૩૦/૧૨/૨૦૧૬ સુધીની સંસ્થાના બીજા પક્ષકાર કામદારની હાજરીની વિગત માગેલ છે જે અન્વયે મારા પુરોગામી અધિકારીએ હુકમની જાણ થયાના દિન−૩૦માં તા.૦૧/૦૧/૨૦03 થી તા.૩૦/૧૨/૨૦૧૬ સુધીના સમયગાળાના એન.એમ.આર.ની ખરી નકલ રજુ કરવા અને રજુ કરી શકે તેમ ન હોય તો સક્ષમ અધિકારીનું સોગંદનામું કરવાનો હુકમ કરવામાં આવેલ. તે હુકમ અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક−૧૨થી સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે આંક−૧૦ના લીસ્ટથી એન.એમ.આર. વિભાગીય કચેરીમાં જમા કર્યાનું કચેરીના રજીસ્ટરની નકલ રજુ કરવામાં આવેલ છે. આ નકલ જોતા પણ કચેરી ધ્વારા સને ૨૦૦૦ બાદ એન.એમ.આર વડી કચેરીએ જમા કરેલાનું ફલીત થાય છે અને પ્રથમ પક્ષકારની આ હકિકત સામે બીજા પક્ષકારનાઓએ વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી કે તેનું ખંડન કરેલ નથી.

બીજા પક્ષકાર કામદારે માંગણા નિવેદનના સમર્થનમાં આ કામે આંક–૧૩થી જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે અને માંગતા નિવેદનને અનુરૂપ જ પુરાવો આપેલ છે. આ જુબાનીની ઉલટ તપાસ ધ્યાને લેતા બીજા પક્ષકાર કામદારે માંગણા નિવેદનમાં જણાવેલ હકિકતો પુરવાર કરી શકેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકારે રજુ કરેલ દસ્તાવેજી તથા લેખીત જવાબમાં જણાવેલ જે વિગતો જણાવેલ છે તેનાથી કોઈ વિપરીત હકિકતો પુરવાર કરેલ નથી. આમ, સદર કામે બીજા પક્ષકારે પોતનો કેસ પુરવાર કરવા માટે માત્ર પોતાની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે અને માત્ર સરતપાસ રજુ કરવાથી તેઓએ સંસ્થામાં આઈ.ડી.એકટની જોગવાઈઓ અનુરૂપ સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થતુ નથી. આ સબંધે નામ.વડી અદાલતના નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**Range Forest Officer Vs. S.T. Hadimani** Reported in 2002(3) SCC 252 (SUPREME COURT OF INDIA).

“In our opinion the Tribunal was not right in placing the onus on the management without first determining on the basis of cognet evidence that the respondent had worked for more than 240 days in the year preceding his termination. It was the case of the claimant that he had so worked but this claim was denied by the appellant. It was then for the claimant to lead evidence to show that he had in fact worked for 240 days in the year preceding his termination. Filing on an affidavit is only his own statement in his favour and that cannot be regarded as sufficient evidence for any court or tribunal to come to the conclusion that a workman had, in fact, worked for 240 days in a year. No proof of receipt of salary or wages for 240 days or order or record of appointment or engagement for this period was produced by the workman. On this ground alone, the award is liable to be set aside.”

**Manager, R.B.I., Bangalore Vs. S. Mani & Ors. (SC)** (FB),Reported In 2005 Lawsuit (SC) 498.

Pleadings are no substitute for proof. No workman, thus, took an oath to state that they had worked for 240 days. No document in support of the said plea was produced. It is, therefore not correct to contend that the plea raised by the respondents herein that they have worked continuously for 240 days was deemed to have been admitted by applying the doctrine of non-traverse.

**Surendranagar District Panchayat Vs. Dahyabhai Amarsinh, Reported In 2006 AIR SC 110**

**"**The Hon'ble supreme court has held that When the workmen apart from examining himself in support of his contention has not produced any proof in the form of reciept of salary or wages for 240 days or record of his appointment or engagement for that year to show that he has worked with the employer for 240 days to get the benefit of section 25F of the Industrial Dispute Act, In the absence of evidence on record the labour court and the high court have commited an error in law and fact in directing reinstatement of the respondent-workman."

ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતોને ધ્યાને લેતા કામદારે હાલના કેસમાં પોતાનો પક્ષ પુરવાર કરવા માટે માત્ર પોતાની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે અને અન્ય કોઈ દસ્તાવેજી પુરાવોર જુ કરેલ નથી. ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઈ અનુરૂપ સળંગ નોકરી પુરવાર કરવા માટે કામદારે સોગંદ ઉપરની સરતપાસ ઉપરાંત અન્ય કોઈ દસ્તાવેજ રજુ ન હોય, તેઓ આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ)ની જોગવાઈઓ મુજબની નોકરી પુરવાર કરી શકેલ નથી તેમ અત્રેની અદાલતનું માનવુ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામમાં જે રજુઆત કરેલ છે તેનાથી વિપરીત હકિકતો બીજા પક્ષકાર કાદમાર ધ્વારા લેખીત દસ્તાવેજી પુરાવાથી કે અન્ય કોઈ પણ રીતે પુરવાર કરેલ નથી. આમ, રજુ પુરાવા પરથી બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ કામદારી બજવેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આમ, કામદારને તા.૩૦/૧૨/૨૦૧૬થી મૌખીક હુકમથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર કરવામાં

બીજા પક્ષકાર કામદાર નિષ્ફળ રહેલ છે. જેથી **મુદ્દા નં.(૧) નો જવાબ ''નકાર''** માં આપવામાં આવે છે.

**(સી)**બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખીક હુકમથી તા.૩૦/૧૨/૨૦૧૬ના રોજ ગેરકાયદેસર રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તથા આઈ.ડી.એકટની જોગવાઈઓનો ભંગ કરી નોકરીમાંથી છુટા કરેલાનું પુરવાર થતુ ન હોઈ, બીજા પક્ષકાર કામદાર તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપીત થવા માટે હકકદાર બનતા નથી તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જેથી **મુદ્દા નં.(૨)નો જવાબ ''નકાર''**માં આપવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતા મુદ્દા નં.(૩) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આથી બીજા પક્ષકાર કામદાર **ચૌહાણ કનુજી નાથાજી** નો રેફરન્સ **રદ** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૨૧/૧૧/૨૦૨૫**
**સ્થળ: મોડાસા**

**(સંગ્રામ ઉદયસિંહ બાબર)**
**પ્રમુખ અધિકારી,**
**સીટીંગ મજુર અદાલત, મોડાસા.**
**જીજે.૦૦૭૭**

R.P.Bagada